# ભરૂચ એસ.ટી. ડેપો ખાતે ૫૦૦ વૃક્ષ રોપાયા



**(પ્રતિનિધિ દ્વારા) ભરૂચ :** સુરતના કેપી ગ્રુપનાં ૧,૦૦,૦૦૦ વૃક્ષો વાવવાનાં ધ્યેય હેઠળ કેપી ગ્રુપની સોલારીઝમ ટીમ દ્વારા વધુ ૫૦૦ વૃક્ષો ૧૬ મી ઓગષ્ટ ૨૦૧૬ મંગળવારના રોજ ભરૂચ એસ.ટી. ડેપો ખાતે રોપવામાં આવ્યા. આ વૃક્ષા રોપણ કાર્યક્રમમાં એસ.એન. કીડા (લાયઝનીંગ ઓફિસર), એન.પી. પટેલ (ડી.ટી.ઓ.), એન.એફ. સીંધી (ડેપો મેનેજર, ભરૂચ), હસમુખભાઇ પરમાર (ટ્રાફિક કંટ્રોલર, ભરૂચ) તથા રેગ્યુલેટરી ડિપાર્ટમેન્ટનાં વાય.જે. સૈયદ અને સોલારીઝમ તરફથી સોહિલભાઇ કમોયા, સંતોષ સીંધુ, જાવેદભાઇ પટેલ તથા વિવેકભાઇ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. ત્રે ઉલ્લેખનીય છે કે, કેપી ગ્રુપની કંપની કેપી એનર્જી લિમિટેડ દ્વારા ગત તા. ૨ જુલાઇ ૨૦૧૬, શુનવારના રોજ મહુવાનાં કરમદિયા અને જેસરનાં માતલપર ગામે ૧૦,૦૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યુ હતું.